ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૦ ભાદરવો અમાસ બુધવાર ૨ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૭૨ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

ઈરાનના સંભવિત હુમલા સામે ઈઝરાયેલ એલર્ટ

ઇરાન જો હુમલો કરે તો ઇઝરાયેલની મદદ માટે પોતાના જહાજો અને વિમાનો તૈયાર હોવાનું અમેરિકાએ જણાવ્યું

ઇઝરાયેલે લેબેનોનમાં મર્યાદિત ભૂમિ હુમલા શરૂ કર્યા

જેરુસલેમ, તા. 1 (AP): ઈઝરાયેલે લેબેનોનમાં હિઝબુલ્લાહ સામે મર્યાદિત ભૂમિ હુમલા શરૂ કર્યા હતા અને લેબનિઝ લોકોને સરહદી વિસ્તારોમાંથી સ્થળાંતર કરી જવા કહ્યું હતું અને કહ્યું હતું કે જો ઈરાન ઈઝરાયેલ પર મિસાઈલ હુમલો કરશે તો તે તેનો વળતો જવાબ આપશે, જ્યારે એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાનનો હુમલો ટૂંક સમયમાં થઈ શકે છે.

ઈઝરાયેલના હવાઈ હુમલાઓ અને તોપમારો દક્ષિણ લેબેનોન પર થયા હતા જ્યાં લોકોને સ્થળાંતર કરવાના આદેશ અપાયા છે, બીજી બાજુ હિઝબુલ્લાહના ઉગ્રવાદીઓએ ઈઝરાયેલમાં રોકેટોની ઝડી વરસાવી હતી. લડત ઉગ્ર બની અને વધુ મોટી પ્રાદેશિક લડાઈનો ભય સર્જાયો છે ત્યારે હજી જાનહાનિ અંગે કોઈ તત્કાળ માહિતી આપવામાં આવી ન હતી. એક અમેરિકી અધિકારએ જણાવ્યું હતું કે જો ઈરાન ઈઝરાયેલ પર બેલેસ્ટિક મિસાઈલ છોડશે તો ગંભીર સંજોગો સર્જાશે જ્યારે અમેરિકાના જહાજો અને વિમાનો ઈઝરાયેલને ઈરાન તરફથી હુમલાના સંજોગોમાં તેને મદદ કરવા માટે તૈયાર છે. જ્યારે બીજા એક અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલો આજે રાત્રે જ થઈ શકે છે. જો કે બંને અધિકારીઓએ ગુપ્તચર માહિતીની ચર્ચા અંગે નામ નહી જણાવવાની શરતે બોલ્યા હતા.

ઈરાને આ પહેલા એપ્રિલમાં ઈઝરાયેલ પર એક અભૂતપૂર્વ હુમલો કર્યો હતો, જો કે તે વખતે તેના ઘણા

...અનુસંધાન પાના 11 પર

પર્યાવરણવાદી ચળવળકાર સોનમ વાંગચુક અને ટેકેદારો અનશન પર

નવી દિલ્હી, તા. 1 (PTI): હવામાન ચળવળકાર સોનમ વાંગચુક અને બીજા ઘણા લડાખીઓએ આજે રાષ્ટ્રીય રાજધાની તરફની કૂચ દરમ્યાન અટકાયતમાં લેવામાં આવ્યા બાદ અચોક્કસ મુદ્દતના ઉપવાસ શરૂ કર્યા હતા જ્યારે વિપક્ષી નેતાઓએ દિલ્હી પોલીસના આ પગલાને અસ્વીકાર્ય ગણીને વખોડી નાખ્યું હતું અને વડાપ્રધાન મોદીને લોકોનો અવાજ સાંભળવા કહ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે વાંગચુકની સાથે લડાખથી આવેલા ૧૫૦ લોકોને

...અનુસંધાન પાના 11 પર

વારાણસીના ઘણા મંદિરોમાંથી સનાતન રક્ષક દળે સાઇ બાબાની મૂર્તિઓ દૂર કરી

વારાણસીના અનેક ધર્મગુરુઓએ કહ્યું કે શાસ્ત્રોમાં સાઇ બાબાની પૂજાનો ક્યાંયે ઉલ્લેખ નથી

શિરડીનું સાઇ સનાતન ટ્રસ્ટ કહે છે કે સાઇ બાબા સાક્ષાત ભગવાન છે

વારાણસી, તા. 1 (PTI): સનાતન રક્ષક દળ નામે ઓળખાતા એક જૂથે હાથ ધરેલા અભિયાનને પગલે વારાણસીના ઘણા મંદિરોમાંથી આજે સાઈબાબાની મૂર્તિઓ દૂર કરવામાં આવી હતી.

એક જૂથે અહીંના બડા ગણેશ મંદિરમાંથફી સાઈ બાબાની મૂર્તિ દૂર કરી હતી અને તેને મંદિરની બહાર મૂકી દીધી હતી. આ મંદિરના મુખ્ય પૂજારી રમ્મી ગુરુએ કહ્યું હતું કે સાઈ બાબાની પૂજા યોગ્ય જ્ઞાન વિના કરવામાં આવી રહી હતી, જેની શાસ્ત્રોમાં મનાઈ છે. આ જ રીતે અન્નપૂર્ણા મંદિરના મુખ્ય પૂજારી શંકર પુરીએ

...અનુસંધાન પાના 11 પર

વર્તમાન સરકાર સંસદીય કાર્યવાહી વિશે બહુ ગંભીર નથી

સંસદના બજેટ સત્રની શરૂઆત પહેલા યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કેટલાક વિપક્ષી નેતાઓએ સંસદની બેઠકોની ઘટતી સંખ્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સીપીએમના રાજ્યસભાના સાંસદ જહોન બ્રિટાસે હકીકતમાં દાવો કર્યો હતો કે, ગૃહ સત્રો માટે કેલેન્ડર તૈયાર કરવામાં એક ચાલાક કાવતરું અપનાવવામાં આવી રહ્યું છે, જેના પરિણામે બેઠકોની સંખ્યા ઓછી થઈ રહી છે. સર્વપક્ષીય બેઠક પછી બીજા દિવસે એટલે કે, 22 જુલાઈએ ચોમાસું/બજેટ સત્ર શરૂ થવાનું હતું અને સોમવારે (12 ઓગસ્ટે) સમાપ્ત થવાનું હતું તે તરફ ધ્યાન દોરતાં બ્રિટાસે દલીલ કરી કે, સાંસદો પર શુક્રવાર (9 ઓગસ્ટ)ના રોજ સત્ર સમાપ્ત કરવાનું દબાણ હશે. જેથી તેઓ અઠવાડિયાના પ્રથમ દિવસે એટલે કે આ સત્રના એકમાત્ર બાકી રહેલા દિવસે રાષ્ટ્રીય રાજધાનીની મુસાફરી ટાળી શકે. સાંસદે કહ્યું કે આ ટ્રેન્ડ 17મી લોકસભાના કેટલાક સત્રો દરમિયાન પણ જોવા મળ્યો

...અનુસંધાન પાના 11 પર

મિલકતોનું ડિમોલીશન: ભારતભર માટે સુપ્રીમ કોર્ટ ગાઇડ લાઇન બહાર પાડશે

રસ્તા વચ્ચે આવેલા ધાર્મિક સ્થળો દૂર થવા જ જોઇએ, પછી તે કોઇ પણ ધર્મના હોય

સુપ્રીમ કોર્ટની પરવાનગી વિના મિલકતોનું ડિમોલીશન નહીં કરવાનો આદેશ ચુકાદો આવતા સુધી અમલમાં જ રહેશે.

નવી દિલ્હી, તા. 1 (PTI): સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે તે મિલકતોના ડિમોલીશન માટે ભારતભરમાં લાગુ પડે તેવી માર્ગદર્શિકા બહાર પાડશે અને રસ્તાની વચ્ચે આવેલા કોઇ પણ ધાર્મિક માળખા - પછી તે દરગાહ હોય કે મંદિર હોય તે દૂર થવા જ જોઈએ કારણ કે જાહેર હિત એ સર્વોચ્ચ છે. કોઇ વ્યક્તિ ફક્ત આરોપી છે તેટલા માત્રથી, કે દોષિત ઠરી હોય તો પણ તે બાબત મિલકતનો ધ્વંસ કરવા માટેની ભૂમિકા બની શકે નહીં એવું નિરિક્ષણ કરતા સુપ્રીમ કોર્ટે તે સંખ્યાબંધ અરજીઓ પરનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો

...અનુસંધાન પાના 11 પર

અભિનેતા ગોવિન્દાને તેની રિવોલ્વરથી અકસ્માતે ગોળીબાર થતા પગમાં ગોળી વાગી

8-10 ટાંકા આવ્યા, એક-બે દિવસમાં તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે

મુંબઈ, તા. 1 (PTI): અભિનેતા ગોવિંદાના મુંબઈના આવાસ પર અકસ્માતે રિવોલ્વરથી ગોળીબાર થતા તેને પગમાં ઈજા થઈ હતી, મંગળવારે જ્યારે તે એરપોર્ટ જવા માટે નીકળી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. અકસ્માત બાદ 60 વર્ષીય અભિનેતાની સંભાળ રાખનાર ડો. રમેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ગોવિંદા ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૧-૧૦-૨૦૨૪નું વડોદરા શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૦.૦ મીમી	મોસમનો ૧૭૭૯ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૪.૮ સે.	૨૫.૪ સે.	૬૨%